## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ખબરદાર જો આમને ખખડાવ્યા છે તો, આ તમારી ઓફિસ નથી... મારું ઘર છે. જો તમારે આમને ખખડાવવા હોય તો મને કહી દેવાનું...!!

# ૧૮ ગામો શહેરમાં ભેળવતા ૨૩ લાખનું આયોજન નવેસરથી કરાયુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં ૧૮ ગામને ભેળવવાના નિર્ણયને પગલે તાલુકા આયોજન સમિતિએ વધુ ૧૩ કામો પાછળ રૂ. ૨૩ લાખના ખર્ચના અંદાજો સાથેનું નવું આયોજન જિલ્લા આયોજન મંડળને મોકલી આપવાનો નિર્ણય કર્યો છે.

તાજેતરમાં તાલુકા આયોજન સમિતિની એક બેઠક વરિષ્ટ ધારાસભ્ય શંભુજી ઠાકોરના અધ્યક્ષપદે મળી હતી.

આ બેઠકમાં જિલ્લા આયોજન મંડળની બેઠકમાં આ ૧૮ ગામના રૂ. ૨૩ લાખના વિકાસ કામોને મંજૂરી આપવાનો સૈદ્ધાંતિક નિર્ણય લેવાયો હતો પરંતુ ગામો શહેરમાં ભળી જતાં નવા કામો સૂચવવા પર વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં આંગણવાડી કેન્દ્રો અને પ્રા. શાળાઓમાં સુવિધાના કામો ઉપરાંત બે થી ૩ ગટરલાઈનના નાના કામો સભ્યો તરફથી રજુ થયા હતા જે અંગે સર્વાનુમતે વિચારણાને અંતે જિલ્લા આયોજન મંડળને મોકલી આપવાનો નિર્ણય લેવાયો હતો.

તાલુકા આયોજન સમિતિની બેઠકમાં જે કામોને પ્રાથમિક મંજૂરી મળી ગઈ હોય તે તાકીદે શરૂ કરવામાં આવે તેવી સભ્યોએ તીવ્ર લાગણી વ્યક્ત કરી હતી.

તાલુકા વિકાસ અધિકારીએ સરકારના નિર્ણય પછી ઉભી થયેલી સ્થિતિનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે તંત્ર વિકાસ માટે કટિબદ્ધ છે અને ઝડપથી આ કામો શરૂ કરવામાં આવશે.

આ બેઠકમાં શંભુજી ઠાકોર ઉપરાંત બેચરજી ઠાકોર, નરેશ ઠાકોર, પ્રકાશભાઈ વાણિયા, રસિકભાઈ ઠાકોર સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ૧૨૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન અત્યાર સુધીમાં કોરોનાને પગલે જાહેર કરાયા છે.
- શહેરમાં ૨૦૦ થી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં માત્ર ૩ જ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.
- જિલ્લામાં ચોમાસુ જામી રહ્યુ છે ત્યારે વન વિભાગ દ્વારા પ્રતિકાત્મક વન મહોત્સવ ઉજવવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં થયેલા ૪૦ ટકાથી વધુ વરસાદને પગલે ગ્રામીણ વિસ્તારના તળાવોમાં પાણીની નવી આવક થઈ છે.
- શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં આવતા જન્માષ્ટમી સહિતના લોક મેળાઓ પર તંત્ર દ્વારા પ્રતિબંધ લગાવવાની કાર્યવાહી તેના અંતિમ તબક્કામાં છે.
- આગામી સપ્તાહના અંતમાં વહીવટીતંત્રમાં ફેરફાર કરવામાં આવશે તેમ તંત્રના સચિવાલયના સૂત્રોનું કહેવું છે.

# સેકટર-૮ ગાર્ડનના નવિનીકરણનું કામ હવે, પૂર્ણતાના આરે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટરોમાં બાળકોના મનોરંજન માટે બગીચાનું નિર્માણ તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. પરંતુ દાયકા વિતી ગયા હોવાથી બગીચાનું પણ નવિનીકરણ જરુરી હતું. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાના સૌ વસાહતી ભાઈ બહેનોની માંગ હતી કે પોતાના સેકટરમાં પણ સુંદર મજાનો ગાર્ડન હોય, પરંતુ માંગણી કોઈને કોઈ કારણોસર તે પરિપૂર્ણ થતી ન હતી. ગાંધીનગર મનપાના ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર દ્વારા સેકટરના ગાર્ડનના નવિનીકરણના પ્રયાસને સફળતા મળી હતી. ડે.મેયરની દેખરેખ હેઠળ સૌ નાગરીકોના હદયને સ્પર્શી જાય તેવો અદ્‌ભુત ગાર્ડનનું કામ પૂર્ણતાના આરે છે.

નાગરીકોના સુંદર ગાર્ડનની ઈચ્છા પરિપૂર્ણ થવાની તૈયારીમાં છે.



સેકટર-૮ નો ગાર્ડન શહેર માટે એક નવુ નજરાણું બની રહેશે. ખાસ કરીને બાળકો, વડીલો અને સૌ નાગરીકોને સ્પર્શી જાય તેવો ગાર્ડન તૈયાર કરાયો છે. પોતાના જ ઘર આંગણે સ્માર્ટ સીટીનો બેનમુન નમુનો સેકટર-૮ નો ગાર્ડન સલામતીની સાથે સૌ વસાહતી ભાઈ બહેનોને ખુબ મોટી ભેટ સ્વરુપે આગામી ટુંક સમયમાં લોકાર્પણ કરીને નાગરીકો માટે ગાર્ડન ખુલ્લો મુકાશે. ઉલ્લેખનીય છે કે આ પાર્કમાં બે મોટા વિશાળ સોલાર ટ્રી લગાવવામાં આવ્યા છે. તેની વિશેષતા એ છે કે બંન્ને સોલાર ટ્રી સૂર્યની દિશા તરફ ભ્રમણ કરી વિજળી ઉત્પન્ન કરશે અને તે વિજળી ટોરેન્ટ વીજ કંપની ખરીદશે તેમજ આવનાર વિજબિલમાં તે રકમ બાદબાકી કરવામાં આવશે. નવા જ સ્માર્ટ વિચાર સાથેનો સ્માર્ટ પાર્ક ટુંક સમયમાં નગરનું નવુ આગવું નજરાણું બની રહેશે.

# ધન્વંતરી રથે ૨૪ દર્દીઓ કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા શોધી કાઢ્યા

**આ ૨૪ દર્દીઓ પૈકી ૧૦ ને કોરોના પોઝીટીવ જણાયો : હોમીયોપેથીની ૨૫ હજારથી વધુ દવાનુ વિતરણ કરાયુ : ૫૧ હજારથી વધુ લોકોની ચકાસણીની કામગીરી સંપન્ન**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં ફરી રહેલા ધન્વન્તરી રથો દ્વારા અત્યાર





સુધીમાં ૨૪ જેટલા કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા દરદીઓ આરોગ્યતંત્રને રિફર કરવામાં આવ્યા હતા જેમાંથી ૧૦ દર્દીઓને કોરોના પોઝીટીવ જણાતાં સારવાર માટે હોસ્પિટલાઈઝડ કરવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ રથોના અત્યાર સુધીના ભ્રમણ દરમ્યાન ૫૧ હજારથી વધુ લોકોની ચકાસણીનું કામ પૂર્ણ કરાયું છે.

મળતી વિગતો પ્રમાણે આ ટીમ દ્વારા ૧૮૦ જેટલા સાદા તાવના દર્દીઓને શોધી કાઢી તેમને સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત કફ સાથે ફિવર ધરાવતા ૮૦૦ થી વધુ દર્દીઓને પણ ટીમ દ્વારા સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે.

આ રથોને સારો પ્રતિસાદ સાંપડી રહ્યાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. સૂત્રોએ જણાવ્યું છે કે ચકાસણી દરમ્યાન ૨૪ દર્દી કોરોનાના લક્ષણો સાથે શંકાસ્પદ મળી આવ્યા હતા જેમને રિફર કરવામાં આવતાં ૧૦ દર્દીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ટીમ દ્વારા અત્યાર સુધીમાં ૨૫ હજાર જેટલા લોકોને હોમીયોપેથી દવાનું વિતરણ કર્યુ છે તો ૩ હજારથી વધુ લોકોને આયુર્વેદપેથીની શમશમવટી ટેબલેટનું વિતરણ કર્યુ છે.

ઉકાળાનું વિતરણ પણ સારૂ એવુ કરવામાં આવ્યુ છે. કોરોનાના શંકાસ્પદ દર્દીઓને શોધવા માટે આ રથોએ સ્લમ વિસ્તાર તેમજ ઔદ્યોગિક વસાહતોના વિસ્તારને પૂર્ણ કરી હવે વિવિધ સેક્ટરોમાં તેનો રાઉન્ડ આરંભાયો છે.

# સેકટર-૭ ચીપટાઈપ શોપિંગમાં આવેલી આધુનિક ઈલેક્ટ્રોનીક નામની દુકાનમાંથી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૭ શોંપીગ સેન્ટરમાં આવેલી આધુનિક ઈલેક્ટ્રોનીક નામની દુકાનમાંથી પોલીસે ૧૦ બોટલ દારૂ સાથે બે શખ્સો સેકટર-૭ પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે રૂ. ૧૦,૫૦૦ની કિંમતનો ૧૦ બોટલ દારૂ, ૪ હજાર રોકડા અને ૨ મોબાઈલ મળીને કુલ રૂ.૨૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે બે શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ શોંપીગ સેન્ટર ખાતે આવેલ આધુનિક ઈલેક્ટ્રોનીકમાં નોકરી કરતા બે યુવાનો દારૂનો વેપલો કરે છે તેવી બાતમી પોલીસને મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડીને દુકાનમાં તપાસ કરતા ૧૦ બોટલ વિદેશી દારૂ અને બે યુવકો મળી આવ્યા હતા. પોલીસે તેમનુ નામ પુછતા ઈલેક્ટ્રોનીકસ ખાતે કામ કરતો ગીરીશકુમાર જયંતિભાઈ સોલંકી (રહે. પોર ગામ), તેમજ રમેશ રઘુનાથભાઈ પરમાર (રહે. બ્લોક નં.૧૬૪-૮. સેકટર-૭ સરકારી કવાટર) ધ્યાને આવ્યું હતું. પોલીસે દારુ, રોકડ, મોબાઈલ મળી કુલ રૂ.૨૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે યુવકો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પર મુસાફર પાસેથી દારૂ ઝડપાયો

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર ચંદ્રાલા નજીક આગમન હોટલ પાસે નાકા પોઈન્ટ પર લકઝરી બસમાંથી મુસાફર પાસેથી દારૂ પકડાવવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ચિલોડા પોલીસને વાહન ચેકીંગ દરમિયાન રાત્રીના સમયે બે બસમાંથી દારુની નાની મોટી ૧૪૬ બોટલ મળી આવી હતી. ચિલોડા પોલીસ મથકના જવાનો વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે સમયે રાજસ્થાન તરફથી આવી રહેલી લકઝરી બસની ડેકીમાં રહેલ સામાન ચેક કરતા મિણીયાની બેગના પાર્સલ મળી આવ્યા હતા.જે ખોલીને જોતા જુની સાડીઓની નીચે સંતાડેલો દારુનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસની પુછતાછમાં સામાન રાજસ્થાનના અમેઠથી બેઠેલા મુસાફરનો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે અંકીતદાસ સુરેશદાસ વેરાનીની (ઉં.૨૦) પુછતાછ કરતા દારુનો જથ્થો અમદાવાદ ખાતે ચેનસિંગ ગોપાલસિંગ શેખાવતને આપવાનો હોવાનું કહ્યું હતું. જેથી પોલીસે દારુ, મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૬,૨૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી દારુ સાથે પકડાયેલ અને મંગાવનાર બંન્ને સામે ગુનો નોંધી કાયદેસની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં હિંમતનગર બાજુથી આવતી એસટી બસમાં મુસાફરના થેલામાંથી પોલીસને ૨૫ બોટલ દારુ મળી આવ્યો હતો. નામ પુછતા તેણે અરવલ્લીના જિલ્લાના કારસાનો સંદિપ બચુલાલ પરમાર (ઉં.૨૧) હોવાનું ધ્યાને આવ્યું હતું.

# ધનસુરાની યુવતીના પ્રેમલગ્ન બાદ છાલા પાસેથી અપહરણ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક રાંધેજા ગામે રહેતા યુવક અને તેના મિત્ર પર છાલા પાસે હુમલો થયો છે. યુવકનું મુળ વતન અરવલ્લી જિલ્લામાં નાણા ગામ છે. જયારે યુવકે પ્રેમલગ્ન કર્યા હોવાથી યુવતિના પરિવાર દ્વારા હુમલો કરી યુવતિનુ અપહરણ લઈ ગયા હોવાની ફરીયાદ યુવકે ચિલોડા પોલીસ મથકે નોંધાઈ છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા નજીક આવેલા નાણા ગામના અંકિત દિનેશભાઈ બાવા (ઉં.૨૫)ને પોતાના ગામની સિધ્ધી નગીનભાઈ વાળંદ સાથે પ્રેમ સંબંધ હતો. આ પ્રેમસંબંધને લઈ પરિવારજનો ખુશ ન હોવાથી બંનેએ તા.૨૧ જુલાઈના રોજ અમદાવાદ ખાતે મેરેજ બ્યુરો ખાતે મેરેજ કરી લઈને નોંધણી રજીસ્ટ્રાર સમક્ષ કરાવી દીધી હતી. ફરીયાદીએ લગ્નની જાણ ધનસુરા પોલીસ મથકે કરી લીધી હતી. ત્યારબાદ તા.૨૫ જુલાઈના રોજ યુવક તેની પત્ની સિધ્ધી ધનસુરા પોલીસ મથકે હાજર થયો હતો. આ સમયે તેની સાથે તેનો વકીલ મિત્ર અને તેની પત્ની પણ હતા. પોલીસે યુવતિના પરિવારજનોને પોલીસ મથક ખાતે બોલાવ્યા હતા. તેમની સમક્ષ જ યુવતિએ પતિ સાથે જવાનું કહ્યું હતું. જેથી તેના પરિવારજનો નારાજ થયા હતા. નવદંપતિ ગાંધીનગર પરત ફરી રહ્યા હતા તે સમયે મજરા ચોકડી સુધી ધનસુરા પોલીસે રક્ષણ પુરુ પાડ્યું હતું. ત્યારબાદ ચિલોડા તરફ આવતા સાંજના સાડાસાત વાગ્યાના અરસામાં તેઓ છાલા પાસે પહોંચ્યા હતા. તે સમયે અચાનક ત્રણ ગાડીઓ આવીને તેમની આસપાસ ગોઠવાઈ ગઈ હતી. આ ગાડીઓમાંથી ફિલ્મી દ્રશ્યોની જેમ ૧૦ જેટલા વ્યકિતઓ નીચે ઉતરીને ધોકા વડે ગાડીનો કાચ તોડીને યુવક અને તેના મિત્ર પર હુમલો કર્યો હતો. આ મારામારી સમયે યુવતિના પિતા અને તેની બહેન તેને જબરજસ્તી ખેંચીને લઈ ગયા હતા. આ બનાવ અંગે યુવકે નાણા ગામના નગીનભાઈ વાળંદ, હીરેન વાળંદ, નિખિલ અમરતભાઈ વાળંદ, રીધ્ધી નગીનભાઈ વાળંદ, જયેશ વાળંદ અને સંદિપ ભલાભાઈ દેસાઈ સામે હુમલો અને પત્નીના અપહરણ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી યુવકની પત્નીને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પ્રામાણિક ઓફિસરોને શોધી તેમને સન્માન આપો, ભ્રષ્ટાચારી પાસેથી સત્તા છિનવી લો

ગુજરાતમાં શાસન કરતી સરકારના મંત્રીઓ અને અધિકારીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ મળતી નહીં હોવાથી તેમનું પરફોર્મન્સ નબળું રહે છે અને રાજ્યની જનતાનું અહિત થાય છે. કોઈપણ કર્મચારી સરકારમાં દાખલ થાય છે ત્યારે ઓછામાં



ઓછી છ મહિનાની નિષ્ણાંત તાલીમ આપવાની આવશ્યકતા છે. એવી જ રીતે કોઈ નેતા સંસદસભ્ય બને છે, ધારાસભ્ય બને છે અથવા તો મંત્રી બને છે ત્યારે તેમને પણ તાલીમની જરૂરિયાત હોય છે. આ તાલીમ ક્યાંથી મળે તેવો સવાલ થાય ત્યારે આપણાં પૂર્વજો કે જેઓ રાજા હતા તેમને યાદ કરવા જોઈએ. રાજાશાહીમાં કોઈપણ રાજાને તેમને સલાહકારો તાલીમ આપતાં હતા. તે સલાહકારોની તાલીમ આજના રાજનીતિના યુગમાં કોઈ તજજ્ઞ આપી શકે તો તે વ્યક્તિ કે ઓફિસર ઉત્તમ શાસનકર્તા બની શકે છે અને પ્રજાહિતના નિર્ણય લઈ શકે છે.

**ચંદ્રગુપ્ત મૌર્યને ચાણક્યએ ટિપ્સ આપી હતી...**

ચંદ્રગુપ્ત મૌર્ય એ ઈસ પૂર્વે ૩૨૧-૨૯૭માં મૌર્ય સામ્રાજ્યનો સ્થાપક અને પ્રથમ સમ્રાટ હતો. નંદ વંશના રાજા ધનાનંદના શાસનનો અંત કરી તેણે સમગ્ર ભારતને એક શાસન હેઠળ લાવી ભારતીય ઉપખંડના વિશાળતમ સામ્રાજ્યની રચના કરી હતી. ચંદ્રગુપ્તે તેના મંત્રી અને સલાહકાર ચાણક્યની મદદથી લોકભોગ્ય શાસન વ્યવસ્થા સ્થાપિત કરી હતી. ચાણક્ય એટલે કે કૌટિલ્ય એ ચંદ્રગુપ્ત મોર્યના ગુરૂ અને મુખ્યપ્રધાન હતા. તેણે ચંદ્રગુપ્તને રાજા બનવામાં મદદ કરી હતી. તેમનું સાચું નામ વિશ્વગુપ્ત હતું, તેઓ ચણકના પુત્ર

## કીર્તિમાન વ્યક્તિ તરીકે પ્રસિદ્ધ થવા માટે શાસકે તેમના કર્તવ્યમાં અધીરા ક્યારેય બનવું નહીં

હોવાથી તેમને ચાણક્ય કહેવામાં આવે છે. તેમણે રાજકીય ગ્રંથ અર્થશાત્રની રચના કરી હતી.

**માધવરાવે વડોદરાના મહારાજાને તૈયાર કર્યા હતા...**

એવી જ રીતે વડોદરાના દીવાનપદે બિરાજમાન ટી માધવરાવના ૧૮૭૫માં ઉચ્ચારેલા શબ્દો આજે પણ એટલા સૂચક છે. તેમણે કહ્યું હતું કે "રાજા કે શાસક પરદુખભંજન હોવો જોઈએ. પોતાના સ્વાર્થ ખાતર બહુજન સમાજને હાનિ થાય તેવું કૃત્ય તેણે કરવું જોઈએ નહીં." તેમણે કહ્યું હતું કે, "કિર્તીમાન વ્યક્તિ તરીકે પ્રસિદ્ધ થવા શાસકે અધીરા બનવું જોઈએ નહીં, કારણ કે તેમ કરવા જતાં પોતે અને રૈયત દુખી થાય છે." ગુજરાતના નવજાગરણમાં જેમની અસરો પ્રભાવક હતી તેવા વડોદરાના મહારાજા સયાજીરાવ ત્રીજાને ૧૮૭૫માં મહારાણી જમનાબાઈએ દત્તક લીધા હતા ત્યારે તેઓ સગીર વયના હતા. તેઓ ભરવાડમાંથી ભૂપતિ બન્યાં હતા. જ્યારે તેમને દત્તક લેનારી માતાએ પૂછ્યું કે – વડોદરા શા માટે આવ્યા છો?.. તો તેમણે બેધડક જવાબ આપ્યો – રાજા થવા... શાસનના સૂત્રો ત્રણ સભ્યોની રિજન્સી કાઉન્સિલના હાથમાં હતા. તેમાંના એક રાજા સર ટી માધવરાવ રાજ્યના દીવાન હતા. નવા બાળ રાજાને બાહોશ રાજવી તરીકે તૈયાર કરવા ઉચિત તાલીમ આપવાની જવાબદારી તેમના માથે હતી.

**"માઇનોર હિન્ટ્સ" પુસ્તક રાજનેતાઓ વાંચી જાય...**

આજથી ૧૪૫ વર્ષ પહેલાં આધુનિક ગણી શકાય તેવી ઉત્તમ ટીપ્સ પ્રવચનરૂપે તેમણે વડોદરાના રાજવીને આપી હતી. રાજ્યકર્તાએ અંગત વર્તણૂકમાં તેમજ જાહેર જીવનમાં પાળવાના આદર્શો, વ્યવહાર કુશળતા અને ઝીણવટપૂર્વકની સલાહ, શિખામણો સહિત સોનેરી સૂત્રો આ વાર્તાલાપમાં મોજૂદ છે. માધવરાવે આપેલી ટીપ્સ અંગેનું પુસ્તક માઈનોર હિન્ટ્સના નામે રાજ્યના દફતર ભંડારમાં ગ્રંથ તરીકે સાચવી રાખ્યું છે. આજના રાજનેતા જો તેનો ઉપયોગ કરે તો તેઓ ઉત્તમ શાસક બની શકે તેમ છે.

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

**આ પુસ્તકના કેટલાક અંશ આ પ્રમાણે છે...**

- શાસકના મિજાજ અને ધીરજની દરરોજ કસોટી થાય છે તેથી તેણે ક્યારેય ક્રોધ કરવો નહીં.
- બીજાઓ અંગે ઉદારવૃત્તિથી મત બાંધવાની મહત્વની ટેવ શાસકે કેળવવી જોઈએ.

## કામ કર્યા પછી ડગલે ને પગલે લોકોના ધન્યવાદ મેળવવા દોડી જતાં રાજકર્તા દુખી થાય છે

- કિર્તી સહજ નથી ધીરજ જરૂરી છે. લાંબા સમયની કામગીરી વ્યક્તિને સર્વ કીર્તી બક્ષે છે.
- ડગલે ને પગલે લોકોના ધન્યવાદ મેળવવા દોડી જતાં રાજકર્તા પોતાની જાતને દુખી કરે છે.
- ભાડૂતી ખુશામતખોરોથી શાસનમાં વિઘ્ન આવે છે.
- ખોટાં અને અધુરાં કાર્યો અખબારોમાં પ્રસિદ્ધ કરવાથી સરવાળે નિષ્ફળતા મળે છે.
- મુખ્ય વ્યક્તિ તરીકે પ્રત્યેક કિસ્સામાં પોતે હુકમ આપે તે જરૂરી નથી.
- વહીવટમાં શ્રદ્ધા અને વિશ્વાસની અતિ આવશ્યકતા હોય છે.
- આપેલાં વચનો પાળવા જ જોઈએ નહીં તો પરચા માટે તૈયાર રહેવું પડશે.
- બીજાની ભાવનાને આદર કરવાની હંમેશા કાળજી લેવી જોઈએ.
- કોઈનું અપમાન થાય તેવી વાણીનો પ્રયોગ શાસકના મુખે શોભતો નથી.
- જે અખબાર જનતાનું બહોળું પ્રતિનિધિત્વ કરે તેનો કદી અનાદર કરવો જોઈએ નહીં.
- લાંચ લેનાર પાસેથી સત્તા છીનવી લો, જરૂર પડે તો ફોજદારી કાર્યવાહી કરો.
- પ્રામાણિક અને ચારિત્ર્યવાન ઓફિસરોને શોધી કાઢો અને તેમને માન-સન્માન આપો.
- શાસકે જંગલી રીતે વર્તવું જોઈએ નહીં. પ્રજાની સુખાકારી વધારવાની તેની ફરજ છે.
- પ્રત્યેક મંત્રીમાં વિશ્વાસ રાખી શાસકે અભિપ્રાય પર ધ્યાન આપવું જોઈએ.
- લોકોની નજરમાં મંત્રી કે તેની સત્તા નબળી પડે તેવું કામ કરવું જોઈએ નહીં.
- રાજામાં નિર્ણયશક્તિ હોવી જરૂરી છે અને તે નિત્ય વાંચનથી આવે છે.
- સાથે કામ કરતાં લોકો વચ્ચેના મતભેદો ખાનગીમાં નિપટાવી લેવા ઉચિત રહેશે.
- યોગ્ય લાયકાત ધરાવતા અધિકારીને સ્વતંત્રતા આપવાથી વહીવટ સુધરે છે.
- વિભાગોના વડાઓને અધિકાર આપવા પરંતુ નિરીક્ષણ અને અંકુશ જરૂરી છે.
- શાસનમાં નજરાણાં વિષ સમાન છે, મોટી મહેરબાની શાસનને હાનિ પહોંચાડે છે.
- રાજાએ તેના મૌખિક નિર્ણયોને લખાણમાં ઉતારવા જોઈએ.
- મહેસૂલ વિભાગના વડાને તેમની કામગીરીના સિદ્ધાંતો અને વિગતોની જાણકારી હોવી જોઈએ.
- સતત કામ કરનારા લોકોની નાની ભૂલોને માફ કરી દેવી જોઈએ.
- રાજમહેલની સંપત્તિને ક્યારેય અંગત ગણવી નહીં, તે ખોટા માર્ગે લઈ જઈ શકે છે.
- ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજી માધ્યમનો ઉપયોગ બુદ્ધિમાન લોકોને વિકાસમાં જોડવા જોઈએ.
- પાણી અને આરોગ્ય એ બન્ને ચીજ એવી છે કે લોકોને સરળતાથી પ્રાપ્ય થવી જોઈએ.
- કાવતરાં કરનાર વ્યક્તિ ક્યારેય સુધરતો નથી, તેનાથી શાસક હંમેશા દૂર રહે.

**૪૫ વિષયો પર માધવરાવે ટીપ્સ આપી હતી...**

## દીવાન ટી માધવરાવે વડોદરાના રાજવીને આપેલી ટીપ્સ આજની રાજનીતિમાં પણ યથાર્થ

આ પ્રકારની શિમોર સમી શિખામણો ઉચ્ચતમ લોકશાહી વલણ માટે ઈચ્છનિય છે. ૪૫ જેટલા વિષયો પર અપાયેલી આ ટીપ્સનું અનુકરણ વર્તમાન સમયમાં શાસકો કરે તો આપણી જનતાનું ભાગ્ય સુધરી શકે છે, પરંતુ અફસોસ – આજના શાસકો રૂપિયા બનાવવા માટે રાજનીતિમાં આવે છે, જાહેર જનતાની તેમને પડી નથી. માધવરાવનો જન્મ કુંભકોણમમાં ૧૮૨૮માં મહારાષ્ટ્રી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. ગણિત શાસ્ત્રનું ઉચ્ચ જ્ઞાન મદ્રાસમાંથી લીધા પછી તેઓ મદ્રાસ યુનિવર્સિટીના પ્રાધ્યાપક તરીકે નિમાયા હતા. થોડાં વર્ષો પછી ત્રાવણકોરના રાજકુંવરોના શિક્ષણની જવાબદારી તેમણે સંભાળી હતી. ઉત્તરોત્તર બઢતી પામતાં ૧૮૫૭માં ૩૦ વર્ષની વયે દીવાન બન્યાં હતા. તેમણે કેસીએસઆઈનો ખિતાબ મેળવ્યો હતો. ત્યારપછીના બે વર્ષ ઈન્દોર રાજ્યના દીવાન અને છેવટે વડોદરા રાજ્યના દીવાન થયા હતા. માધવરાવ ૧૮૮૨માં નિવૃત્ત થયાં અને ૧૮૯૧માં અવસાન પામ્યા હતા.